**Principal:** *Nicky Walker*
**Assistant Principal:** *Anne McDonald*
**Assistant Principal:** *Kerry Bates*
**Assistant Principal:** *Mick Sweeney*
**Business Manager:** *Nicholas Macura*

**19.5.2020**

# CCPS COVID-19 શાળાએ પરતજવાની માર્ગદર્શિકા

## શાળાનું આરોગ્ય અને સલામતી વિષયક ઉપાયો.

- ધ ઓસ્ટ્રેલિયન હેલ્થ પ્રોટેક્શન કમિટીનું (AHPPC) કહેવું છે કે પ્રતિ ચાર વર્ગ મીટરમાં એકથી વધારે વ્યક્તિ હોવી ના જોઈએ. અબાબતનો “વેન્યુ ડેન્સીટી રૂલ” એશાળાના વર્ગો અથવા તો કોરીડોર માટે યોગ્ય અથવા વ્યાવહારિક નથી તેમજ વર્ગની પ્રવૃત્તિઓ દરમ્યાન દરેક બાળક વચ્ચે ૧.૫ મીટરનું અંતર રાખવું યોગ્ય અથવા વ્યાવહારિક નથી. તેથી વર્ગ દીઠ ૧૦ વિદ્યાર્થીઓનો અગાઉ સ્થાપિત ગુણોત્તર હવે શાળાઓમાં જરૂરી નથી.
- અબદલાવની તૈયારી કરવા સ્ટાફની સહાય કરવા માટે **સોમવાર, 25 મે 2020, નાં દિવસે વિદ્યાર્થીઓ શાળાએ આવશે નહીં.** શાળા અદિવસનો ઉપયોગવિવિધ કામો માટે કરશે જેમ કે તેમની શાળામાં આરોગ્યલક્ષી સલાહનું પાલન થવા બાબતની ખાતરી કરવી, શાળાની દિનચર્યા પુનઃ સ્થાપિત કરવી, રીમોટ અને ફ્લેક્સીબલ લર્નિંગના અભ્યાસ દરમ્યાનના કાળમાં વિદ્યાર્થીઓના અભ્યાસની પ્રગતિના મૂલ્યાંકન માટે એકઅભિગમ સ્થાપિત કરવો, તેમજ એવા વિદ્યાર્થીઓની ઓળખકરવી જેમને તેમના આરોગ્ય અને સુખાકારી માટે તત્કાલ સહાયની આવશ્યકતા હોય.
- વિધ્યાર્થીઓને સામાન્ય દિનચર્યામાં પરતલાવતી વેળાએ તેમને જરૂર હોય તે સહાય કરવી, પરિસ્થિતિનું ભાન રાખીને હાલની પરિસ્થિતિને અનુરૂપ સકારાત્મક માહિતી આપવી, તેમજ તેમની શંકાઓ અને ભાવનાઓ વ્યક્ત કરવા માટે એકસુરક્ષિત વાતાવરણ ઉભું કરવું, અબધાનું મહત્વ અમે જાણીએ છીએ.

ઓન-સાઈટ સ્કૂલિંગમાં પરત ફરતા બધા વર્ષના વિદ્યાર્થીઓનું શાળામાં આવવું અપેક્ષિત છે. જો વાલીઓ કોઈ પણ તબીબી સલાહ વગર બાળકોને ઘરે જ રાખવાનું પસંદ કરે તો આ પરિસ્થિતિમાં શાળા દ્વારા રીમોટ શિક્ષણ પૂરું પાડવું અપેક્ષિત નથી. તમારા બાબતમાં આવું હોય તો કૃપા કરીને તમારા સબ-સ્કૂલ આસિસ્ટન્ટ પ્રિન્સિપાલનો સંપર્ક કરશો.
ફાઉન્ડેશન-ગ્રેડ 2 એની મેકડોનાલ્ડ
ગ્રેડ 3 થી ગ્રેડ 6 મિક સ્વીની
સુખાકારી : કેરી બેટ્સ



*15 Silky Oak Drive*
*Cranbourne, 3977*
*Phone: 5991 3600*
Email: cranbourne.carlisle.ps@edumail.vic.gov.au
Website: http://www.cranbournecarlisleps.vic.edu.au

## અન્ય આરોગ્ય અને સલામતીના ઉપાયો

- મેદાની ઉપકરણો વાપરી શકાય. પણઉપયોગમાં લેતા પહેલા અને પછી વિદ્યાર્થીઓએ સ્વચ્છતાની કાળજી લેવી પડશે. વધારાની સ્વચ્છતાના કાર્યક્રમના ભાગરૂપે રિસેસ અને લંચ ટાઈમ પછી મેદાનો હોસ્પિટલ ગ્રેડના ડીસઇન્ફેક્ટન્ટ દ્વારા લુછવામાં આવશે.
- જો કોઈ ઉપકરણનો ઉપયોગ વિદ્યાર્થીઓ સહીયારી રીતે કરે તો વપરાશના પહેલા અને પછી તેઓને તેમના હાથોની સફાઈની કાળજી ચુસ્તપણે લેવી પડશે.
- વિદ્યાર્થીઓ ડ્રિંકિંગ ફાઉંટેનનો સીધી રીતે ઉપયોગ કરી શકશે નહીં, તેથી શાળામાં વાપરવા માટે વિદ્યાર્થીઓએ તેમની પોતાની બોટલ લાવવાની રહેશે.
- DET *વિદ્યાર્થીઓ માટે મોબાઈલ ફોન વાપરવા માટેની નીતિ* યથાવત રહેશે. દરરોજ સવારે પોતાનો ફોન ઓફિસમાં સોંપતા પહેલા વિદ્યાર્થીઓને તેમનો ફોન ડીસઇન્ફેક્ટન્ટ વાઈપ દ્વારા સાફ કરવા કહેવામાં આવશે અને શાળા શરૂ થતા પહેલા અને શાળા પછી ફોનને COVID SAFE એપસાથે શરૂ કરી શકાશે. શાળામાં પરિસ્થિતિનું યોગ્ય વ્યવસ્થાપન થતું હોય છે, જેમાં વિદ્યાર્થી, સ્ટાફ અને મુલાકાતીઓની હાજરીની નોંધ રાખવામાં આવે છે જેથી કોન્ટેક્ટ ટ્રેસિંગમાં સહાય થઇ શકે.

## માનસિક આરોય અને સુખાકારી

જો તમને આરોગ્ય અને સુખાકારી બાબતે વિશેષ ચિંતા હોય તો આસિસ્ટન્ટ પ્રિન્સિપાલોને જાણ કરવી જેથી અમે કોઈ પણ ઉપલબ્ધ સેવાઓને અને સહાયને પ્રાપ્ત કરી શકીએ.
ફાઉન્ડેશન-ગ્રેડ 2 એની મેકડોનાલ્ડ
ગ્રેડ 3 થી ગ્રેડ 6 મિક સ્વીની
સુખાકારી : કેરી બેટ્સ

## સ્વચ્છતા

સ્વચ્છતા માટે થોડી વ્યાપક અને વધારાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે અને તે એમ જ ચાલતી રહેશે. આમાં, આખો દિવસ સતત સફાઈ કરવામાં આવશે જેથી વારંવાર સ્પર્શ થતી સપાટીઓ દ્વારા સંક્રમણ થવાનું જોખમ ઘટાડવાની ખાતરી કરી શકાય..



*15 Silky Oak Drive*
*Cranbourne, 3977*
*Phone: 5991 3600*
Email: cranbourne.carlisle.ps@edumail.vic.gov.au
*Website:* http://www.cranbournecarlisleps.vic.edu.au

Cranbourne Carlisle Primary School

**Principal:** *Nicky Walker*
**Assistant Principal:** *Anne McDonald*
**Assistant Principal:** *Kerry Bates*
**Assistant Principal:** *Mick Sweeney*
**Business Manager:** *Nicholas Macura*

## ઓનસાઈટ હાજરી

કોરોના વાયરસના સંક્રમણને ઘટાડવા માટે શાળા એ મહત્વનું પગલું લઇ શકે છે કે સ્ટાફ, નાના વિદ્યાર્થીઓ કે મોટા વિદ્યાર્થીઓમાંથી કોઈ અસ્વસ્થ હોય તો તે ઘરમાં જ રહે એની ખાતરી કરવી.
આ વાયરસના સંક્રમણનું જોખમ ઘણું ઓછું હોય તો પણ જે સ્ટાફ કે વિદ્યાર્થીઓને ગંભીર બીમારી થવાનો ભય હોય, તેમણે આવી વખતે તેમના ડોક્ટરની સલાહ લઈને વ્યક્તિગત રીતે ઓન- સાઈટ હાજરી આપવા બાબતે નિર્ણય કરવો.
કારણ કે શાળાના વાતાવરણમાં આ વાયરસનાં સંક્રમણનું મુખ્ય જોખમ પુખ્તો વચ્ચે રહેલું છે, તેથી શાળાના મેદાનમાં એટલા જ લોકો હાજર રખાશે જેઓ શાળાને આવશ્યક સેવાઓ પૂરી પાડતા હોય, અથવા જરૂરી સેવાઓ માટે અને કામ માટે સહાય કરતા હોય. જો વાલીઓને કોઈ પણ કારણ માટે શાળાનો સંપર્ક કરવાની જરૂરીયાત ઉભી થાય, તો તેમણે શાળાની ઓફીસે કૃપા કરીને ફોન કરવો.

**બધા અસ્વસ્થ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ઘરે જ રહેવું અનિવાર્ય છે.**

જટિલ તબીબી સમસ્યા (રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ સહિત) હોય તેવા વિદ્યાર્થીઓના વાલીઓએ પોતાના બાળક માટે ઓન-સાઈટ શિક્ષણ યોગ્ય છે કે નહીં તે બાબતે નિર્ણય કરવા માટે સહાયક થઇ શકે એટલા માટે તેમના બાળકના ડોક્ટરની સલાહ લેવી, અને આ સલાહ વિક્ટોરીઆમાં કોરોના વાયરસનાં (COVID-19) મહામારીની સ્થિતિ મુજબ બદલાઈ શકે છે. આDET હેલ્થ કેર નીડ્સની નીતિ મુજબ છે. આ વિસ્તારના જે પરિવારને વધુ સહાયની જરૂર હોય તેમને આ શાળા સહાય કરશે.

શાળાની અસેમ્બલી, પર્યટન, શિબિર અને બીજા બિન જરૂરી મોટો મેળાવડાઓ આગામી સૂચના સુધી સ્થગિત રહેશે.

## સ્વચ્છતા

હાથનાં સફાઈની સતત પ્રભાવી રીતે કાળજી લઈને પ્રત્યેક વ્યક્તિ કોરોના વાયરસના સંક્રમણને રોકી શકે છે અને પોતાને સલામત રાખી શકે છે. ઓન-સાઈટ શિક્ષણ ફરી શરૂ થવાની વેળાએ સ્વચ્છતા માટે લેવાતા આ વિશેષ પગલાં ચાલુ રહેશે.



*15 Silky Oak Drive*
*Cranbourne, 3977*
*Phone: 5991 3600*
Email: cranbourne.carlisle.ps@edumail.vic.gov.au
*Website:* http://www.cranbournecarlisleps.vic.edu.au

*"Many Cultures One Community"*

- બધો સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાથોની સ્વચ્છતા નિયમિત રીતે કરશે, ખાસ કરીને શાળામાં આવીને, ખાધા પહેલા અને પછી, નાક સાફ કર્યા પછી, ખાંસતી વખતે અથવા ટોઇલેટનો વપરાશ કર્યા બાદ. જ્યાં જરૂર હોય ત્યાં સ્ટાફ માર્ગદર્શન આપશે અને દેખરેખ કરશે.
- જ્યાં સાબુ અને પાણી સહજતાથી ઉપલબ્ધ નથી, એવી દરેક રૂમમાં સેનીટાઈઝર પૂરું પાવામાં આવશે.
- અસ્થિતિમાં વિદ્યાર્થીઓને સીધા જ ડ્રિંકિંગ ફાઉંટેનોમાંથી પાણી પીવાની અનુમતિ નહીં હોય. એના બદલે, તેમણે વપરાશ (અને ફરીથી ભરવા) માટે ઘરેથી જ બોટલ લાવવી જોઈએ.

## શાળામાં આવવાનો અને જવાનો સમય

શાળાના વાતાવરણમાં કોરોના વાયરસના (COVID-19) સંક્રમણનું સહુથી વધુ જોખમ પુખ્ત વ્યક્તિઓ તરફથી રહેલું હોય છે. તેથી શાળાના સમુદાયના પુખ્ત વ્યક્તિઓએ ખુબ નજીક આવવાનું ટાળવું જોઈએ, ખાસ કરીને બાળકોને શાળામાં છોડતા અને પરત લઇ જતી વખતે.

- શાળાનાં સ્ટાફ અને વાલીઓએ શાળાની અંદર અથવા આજુબાજુમાં ભેગા ના થઈશારીરિક અંતર રાખવાના નિયમનું પાલન કરવું જોઈએ.
- શાળાના પ્રવેશ દ્વાર ઉપર અને શાળાની અંદર વિદ્યાર્થીઓ અને પુખ્ત વયની વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછો સંપર્ક રહે તે માટેની વ્યવસ્થામાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે:
    - પુખ્ત વયની વ્યક્તિઓ વચ્ચે અંતર રાખવા માટે શાળાના ગેટ પાસે વર્તુળો દોરવા
    - વાલીઓને શાળામાં આવવાની અનુમતિ નહીં હોય અને શાળાનો સંપર્ક ફોન દ્વારા અથવા ઈ-મેલથી જેવી જરૂરિયાત હોય તે પ્રમાણે કરવા માટે કહેવામાં આવશે.
    - મહત્ત્વની મિટીંગો વિડીઓ કોન્ફરન્સીંગ દ્વારા થશે
    - કોઈ પણપ્રકારની ચર્ચા અથવા ભેટ દરમ્યાન સોશીઅલ ડીસ્ટન્સિંગની માર્ગદર્શિકાનું પાલન કરવું પડશે અને પ્રત્યક્ષ સંપર્ક સાધી શકાશે નહીં
    - જો શક્ય હોય તો પોતાના બાળકોને શાળાએ છોડવા આવવાના અને પરતલઇજવાના સમયનું વિભાજન કરવામાં આવશે, જેથી શાળાના ગેટ પાસે અથવા વર્ગોની બહાર પુખ્ત વયની વ્યક્તિઓની ગર્દી થાય નહીં.



*15 Silky Oak Drive*
*Cranbourne, 3977*
*Phone: 5991 3600*
Email: cranbourne.carlisle.ps@edumail.vic.gov.au
Website: http://www.cranbournecarlisleps.vic.edu.au